GJMR010005312026

**ફોજદારી પરચુરણ અરજી નં.૨૬૬/૨૦૨૬ -:: આંક-૧ તળે હુકમ ::-**

૧. અરજદાર દ્વારા હાલની આ જામીન અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે અરજીમાં જણાવેલ કારણોસર હળવદ પો. સ્ટે. ગુના રજી. નં.૧૧૧૮૯૦૦૧૨૫૧૦૩૩/૨૦૨૫, આઇ.પી.સી. કલમ-૪૦૯, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૨, ૧૨૦(બી) તથા ૩૪ મુજબના શીક્ષાને પાત્ર ગુના અન્વયે નિયમીત જામીન મેળવવાની હાલની અરજી દાખલ કરેલ છે.

૨. અરજદારના વિદ્વાન વકિલશ્રી એમ.ડી.ગણેશીયા દ્વારા મુખ્યત્વે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, અરજદારને હાલના ગુનાના કામે તપાસ એજન્સી દ્વારા તા.૦૮/૧૧/૨૦૨૬ ના રોજ અટક કરી તા.૦૯/૧૧/૨૦૨૬ ના રોજ ટ્રાયલ કોર્ટમાં રજુ કરેલ અને અરજદારને જયુડીશ્યલ કસ્ટડીમાં મોકલેલ અને ત્યારબાદ હાલના ગુનાના કામે ચાર્જશીટ ફાઇલ થઇ ગયેલ છે અને ચાર્જશીટ બાદની પ્રથમ વખતની આ જામીન અરજી કરેલી છે. સદરહું ગુનાના કામે અરજદારે મામલતદારશ્રી હળવદના તા.૨૫/૦૧/૨૦૦૧ ના પત્ર ન.રેવ/વશી/૧૪૧/૨૦૦૧, નાયબ કલેકટરશ્રી ધ્રાંગધ્રા તા.૧૦/૦૩/૨૦૦૧ ના પત્ર નં.જમન/વશી/૪૭૦/૨૦૦૧ તથા ૨૯/૦૧/૨૦૦૨ ના પત્ર નં.જમન/વશી/૩૫૭૨ થી ૪૮/૦૨ તથા કલેકટરશ્રી સુરેન્દ્રનગરના તા.૨૫/૧૦/૨૦૦૨ ના પત્ર નં.જમન/૧૫/૩૩૪૦/૨૦૦૨ ના ખોટા બનાવટી હુકમો બનાવી તેમાં આ કામના મુખ્ય આરોપી રમેશભાઇ બબાભાઇ સાકરીયા સાથે અગાઉથી ગુનાહિત કાવતરુ રચી સદર જમીન પોતાના નામે રેવન્યુ રેકર્ડ ઉપર કરાવવા માટે ખોટી અરજીઓ કરી નોંધ નં.૩૨૩૬ થી પોતાના નામે કરી સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક હળવદ ખાતેથી

રૂા.૧૦,૦૦,૦૦૦/– પાક ધીરાણ લોન મેળવી આર્થીક લાભ મેળવેલ છે, જે અંગે બેંકમાંથી તથા રેવન્યુ રેકર્ડમાં થયેલ ધીરાણની બોજા નોંધો તથા આધાર ફાઈલ પુરાવા તરીકે મેળવવામાં આવેલ છે જેવી ભુમિકા હાલના ગુનામાં ભજવેલ છે તે મુજબનો આક્ષેપ અરજદાર ઉપર છે. અરજદારે કહેવાતો કોઈ ગુન્હો કરેલ નથી કે અરજદાર તદન નિર્દોષ છે. અરજદાર કુટુંબ કબીલાવાળા માણસ છે. અરજદાર વિરૂધ્ધ રાગદ્વેષ રાખી અને ખોટી ફરીયાદ આપી હાલના ગુન્હાના કામે ખોટી રીતે સાંકળી દીધેલ છે. અરજદાર સામેના કેશની ટ્રાયલ ચાલવામાં ઘણો લાંબો સમય લાગે તેમ છે તેમજ અરજદાર નિર્દોષ હોય અમો અરજદાર ને પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે. નામ. અદાલતમાં કેસોનું ભારણ જોતા અરજદાર સામે નો કેસ કયારે ચાલે તે નિશ્ચીત નથી અને અમો અરજદાર નિર્દોષ હોવા છતાં લાંબો સમય જેલ માં રહેવુ પડે તો અમો અરજદાર ને પ્રી ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે. અરજદાર વર્ષોથી અરજીમાં જણાવેલ સરનામે રહે છે. અરજદારની જંગમ તથા સ્થાવર મીલ્કત આવેલ છે. જામીન પર મુકત કરવામાં આવશે તો અરજદાર કયાંય નાશી ભાગી જશે નહી. આ કામની ટ્રાયલ ચાલતા સુધી નામદાર કોર્ટમાં નીયમીત રીતે હાજર રહેશે. સદરહુ ગુન્હાના કામે તપાસ પુર્ણ થઈ ગયેલ હોય જેથી સાહેદો ને હેમ્પર ટેમ્પર કરવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી જેથી હાલની જામીન અરજી મંજુર કરવા વિનંતી છે.

3. અરજી સામે વાંધો ઉઠાવી વિધ્વાન પબ્લિક પ્રોસીક્યુટરશ્રી વી.સી. જાની ધ્વારા મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ ગુના માં આરોપીઓએ તાલુકા હળવદના કોઈબા, ઘનશ્યામપુર અને સુંદરીભવાની ગામોની સરકારી જમીનો અંગે ખોટા આવક રેકોર્ડ (રેવન્યુ રેકોર્ડ) તૈયાર કર્યા હતા અને વિવિધ સરકારી કચેરીઓના હોદ્દા દર્શાવતા નકલી રબર સ્ટેમ્પ બનાવી, તેને અસલી તરીકે ઉપયોગમાં લઈ અને પોતાની પાસે રાખી, સંબંધિત સમયના સક્ષમ

અધિકારીઓના ખોટા હસ્તાક્ષર અને ખોટા આદેશો બનાવી, અલગ-અલગ સર્વે નંબરો હેઠળ ત્રણેય ગામોની સરકારી જમીનો પોતાની નામે નોંધાવી, સરકારની જમીન કબજે કરવાની ષડયંત્ર રચી અને વર્તમાન ગુનો કર્યો છે. વધુમાં એવી રજુઆત કરેલ છે કે, આ કામના અરજદાર છગનભાઇ નાગજીભાઇ ધારીયા પરમાર અને આ કામના મુખ્ય આરોપી રમેશભાઇ બબાભાઇ કોળી સાથે સારા સબંધ હોય તેની સાથે સમાન ઈરાદો પાર પાડવા કાવતરામાં સામેલ થઇ મુખ્ય આરોપી રમેશભાઇ સાથે મળી હળવદ મામલતદાર કચેરી કોયબા ગામના શ્રી સરકાર રેવન્યુ સર્વે નં.૫૫૯/ પૈકી ૩/૨/ પૈકી ૭/પૈકી ૨ વાળી જમીન એ.૪-૦૮ ગુંઠા ડુબમાં ગયેલ શ્રી સરકાર જમીન પોતાના નામે કરવા માટે મામલતદારશ્રી હળવદ તથા નાયબ કલેકટરશ્રી ધાંગધ્રા તથા કલેકટરશ્રી સુરેન્દ્રનગર તથા ઉપસચીવશ્રી ગાંધીનગરના ખોટા હુકમો કરી ખોટી સહીઓ કરી ખરા તરીકે ઉપયોગ કરી અરજીઓ કરી કાગળોમાં સહી કરી અરજદારે નોંધ નં.૩૨૩૬થી સરકાર જમીન પોતાના નામે કરી સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક હળવદ ખાતેથી રૂ.૧૦,૦૦,૦૦૦/- પાક ધિરાણ લોન મેળવી આર્થીક લાભ મેળવી ગુનામાં સક્રિય ભાગ ભજવેલ છે. ફરીયાદીએ સરકારની તરફથી એસ.આઈ.ટી. રિપોર્ટ અને તેમના કચેરીના આવક રેકોર્ડના આધારે હાલની ફરીયાદ નોંધાવી છે, જે અરજદાર વિરુદ્ધ પ્રાથમિક અને મજબૂત પુરાવા છે. આ કામે અન્ય આરોપી ઓને અટક કરવાના બાકી છે. આ કામના અરજદારને જામીન મુકત કરવામાં આવશે તો અન્ય અટક કરવાના બાકી આરોપીઓને તપાસથી અવગત કરી દે તેવી પુરેપુરી સંભાવના છે. આ કામના અરજદારનો રોલ હાલના ગુનામાં સક્રિય છે જેથી તેઓને જામીન મુકત કરવામાં આવશે તો ટ્રાયલ દરમ્યાન હાજર રહેશે નહી જેથી જામીન પર મુકત કરી શકાય નહી તેથી હાલની જામીન અરજી નામંજુર કરવા અરજ છે.

૪. બન્ને પક્ષકારોની રજુઆત, તપાસ કરનાર અમલદારનું આંક-૬ થી રજુ થયેલ સોગંદનામું, અરજી તથા અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તથા પોલીસ પેપર્સ વંચાણે લીધા. આ તબકકે આ કોર્ટ સૌપ્રથમ એ બાબતની નોંધ કરવા માંગે છે કે, આ કામના અન્ય સહઆરોપી બીજલભાઇ અમરશીભાઇ કોળી તથા અન્ય સહઆરોપી દલાભાઇ રણછોડભાઇ ડાભીએ આ કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નં.૧૫૭૬/૨૦૨૫ થી આગોતરા જામીન અરજી દાખલ કરેલ હતી જે આ કોર્ટ દ્બારા ગુણદોષ પર નામંજુર કરવામાં આવેલ છે. ત્યારબાદ ફોજદારી પરચુરણ અરજી નં.૧૫૦૫/૨૦૨૫ થી સહઆરોપી જશુબેન વા.ઓ. બાબુભાઇ ધરમશીભાઇ સોલંકીએ રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ હતી જે પણ આ કોર્ટે ગુણદોષ પર નામંજુર કરેલ છે. ત્યારબાદ સહઆરોપી હમીરભાઇ વજુભાઇ વાનાળીએ ફોજદારી પરચુરણ અરજી નં.૧૪૬૯/૨૦૨૫ થી, અન્ય સહઆરોપી દીનેશભાઇ હમીરભાઇ વાનાળીએ ફોજદારી પરચુરણ અરજી નં.૧૪૦૮/૨૦૨૫ થી તેમજ અન્ય સહઆરોપી મનસુખભાઇ માધાભાઇ કંટાળીયાએ ફોજદારી પરચુરણ અરજી નં.૪૫/૨૦૨૬ થી તેમજ અન્ય સહઆરોપી માવજીભાઇ ટભાભાઇ રાઠોડે ફોજદારી પરચુરણ અરજી નં.૮૩/૨૦૨૬ તેમજ સહઆરોપી ગોવિંદભાઇ પોપટભાઇ કુરીયાએ ફોજદારી પરચુરણ અરજી નં.૧૯૮/૨૦૨૬ થી રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ જે પણ આ કોર્ટે ગુણદોષ પર નામંજુર કરેલ છે. **વધુમાં નામદાર ગુજરાત હાઇકોર્ટ સમક્ષ સહઆરોપી દીનેશભાઇ હમીરભાઇ વાનાળી એ ફોજદારી પરચુરણ અરજી નં.૨૨૧૮/૨૦૨૬ થી, સહઆરોપી બીજલભાઇ અમરશીભાઇ કોળીએ ફોજદારી પરચુરણ અરજી (આગોતરા જામીન અરજી) નં.૨૫૫૨/૨૦૨૬ થી તેમજ સહઆરોપી હમીરભાઇ વજુભાઇ વાનાળી એ ફોજદારી પરચુરણ અરજી નં.૧૨૬૫/૨૦૨૬ થી કરેલી અરજીઓ નામદાર હાઇકોર્ટે ફગાવી દેવાનું વલણ અપનાવતા જે**

**અરજીઓ વિથડ્રો કરેલ છે.**

૫. હાલના કામે રેકર્ડ વંચાણે લેતાં હળવદ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૮૯૦૦૧૨૫૧૦૩૩/૨૦૨૫, આઇ.પી.સી. કલમ–૪૦૯, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૨, ૧૨૦(બી) તથા ૩૪, તા.૦૮/ ૧૧/૨૦૨૫ ના રોજ કુલ નવ આરોપીઓ વિરુદ્ધ ફરીયાદ દાખલ કરવામાં આવી છે. જગદીશભાઈ મગનલાલ રાવલ દ્વારા તા.૦૧/ ૧૦/૨૦૨૧ ના રોજ કલેક્ટર કચેરીમાં એક અરજી આપવામાં આવી હતી, જેમાં અરજદારે આક્ષેપ કર્યો હતો કે રમેશભાઈ બાબુભાઈ કોળી નામના વ્યક્તિ દ્વારા નકલી દસ્તાવેજોના આધારે સરકારી જમીનોનું વેચાણ કરવામાં આવ્યું છે. આ અરજીના આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી અને જિલ્લા જમીન તકેદારી સમિતિ ના તા.૧૫ /૦૪/૨૦૨૫ ના અહેવાલ મુજબ, સંડોવાયેલ આરોપીઓ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તા.૦૮ /૧૧/૨૦૨૫ ની એફ.આઈ.આર. માં ફરિયાદી, જેઓ હળવદના એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ છે, તેમણે જણાવ્યું છે કે આરોપી નં.૧ રમેશભાઈ બાબુભાઈ કોળી, નં.૨ છગનભાઇ નાગજીભાઈ ધારિયા પરમાર, નં.૩ બીજલભાઇ અમરશીભાઈ કોળી, નં.૪ દલાભાઈ રણછોડભાઈ ડાભી, નં.૫ દિનેશભાઈ હમીરભાઈ વનાણી, નં.૬ રાઠોડ માવજીભાઈ તાભા ભાઈ, નં.૭ જશુબેન બાબુભાઈ ધર્મશીભાઈ, નં.૮ મંજુબેન રત્ના ભાઈ કોળી તથા નં.૯ વનાણી હમીરભાઈ વજુભાઈનાઓએ હળવદ તાલુકાના ત્રણ ગામોની કુલ ૨૯ સરકારી જમીનો હડપ કરવાના સમાન ઈરાદા સાથે ષડયંત્ર રચ્યું હતું. તેમણે આ જમીનો પોતાના નામે સરકારી ચોપડે નોંધાવવા માટે હળવદ તાલુકાના કોયબા, ઘનશ્યામપુર અને સુંદરીભવાની ગામોની સરકારી જમીનોના ખોટા મહેસૂલી રેકોર્ડ ઊભા કર્યા હતા. આ માટે અલગ–અલગ સરકારી કચેરીઓના હોદ્દાવાળા નકલી રબર સ્ટેમ્પ (સિક્કા) બનાવી, તેનો સાચા તરીકે ઉપયોગ કરી, પોતાની

પાસે રાખી, સક્ષમ સત્તાધિકારી ની ખોટી સહીઓ કરી અને ખોટા હુકમો પસાર કર્યા હતા. હાલના અરજદારનો ગુનામાં રોલ જોવામાં આવે તો આ કામના અરજદાર છગનભાઇ નાગજીભાઇ ધારીયા પરમાર અને આ કામના મુખ્ય આરોપી રમેશભાઇ બબાભાઇ કોળી સાથે સારા સબંધ હોય તેની સાથે સમાન ઈરાદો પાર પાડવા કાવતરામાં સામેલ થઇ મુખ્ય આરોપી રમેશભાઇ સાથે મળી હળવદ મામલતદાર કચેરી કોયબા ગામના શ્રી સરકાર રેવન્યુ સર્વે નં.૫૫૯/ પૈકી ૩/૨/ પૈકી ૭/પૈકી ૨ વાળી જમીન એ.૪–૦૮ ગુંઠા ડુબમાં ગયેલ શ્રીસરકાર જમીન પોતાના નામે કરવા માટે મામલતદાર શ્રીહળવદ તથા નાયબ કલેકટરશ્રી ધાંગધ્રા તથા કલેકટરશ્રી સુરેન્દ્રનગર તથા ઉપસચીવશ્રી ગાંધીનગરના ખોટા હુકમો કરી ખોટી સહીઓ કરી ખરા તરીકે ઉપયોગ કરી અરજીઓ કરી કાગળોમાં સહી કરી અરજદારે નોંધ નં.૩૨૩૬થી સરકાર જમીન પોતાના નામે કરી સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક હળવદ ખાતેથી રૂા.૧૦,૦૦,૦૦૦/– પાક ધિરાણ લોન મેળવી આર્થીક લાભ મેળવેલ છે. એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ દ્વારા મહેસૂલી રેકોર્ડ અને સીટના અહેવાલ ના આધારે દાખલ કરવામાં આવેલી આ ફરિયાદમાં અરજદાર વિરુદ્ધ પ્રથમ દ્રષ્ટિએ મજબૂત પુરાવાઓ જણાય છે. વધુમાં, તપાસ હજુ ચાલુ છે અને અન્ય સહ–આરોપીઓ હજુ ફરાર છે. અગાઉ આ કોર્ટ દ્વારા અન્ય સહ–આરોપીઓ દિનેશભાઈ હમીરભાઈ, હમીરભાઈ વજુ ભાઈ, જશુબેન બાબુભાઈની નિયમિત જામીન અરજીઓ તેમજ બીજલ અમરશી અને દલાભાઈ રણછોડભાઈની આગોતરા જામીન અરજીઓ ફગાવી દેવામાં આવી છે. આ સંજોગોમાં સ્પષ્ટ જણાય છે કે અરજદાર વિરુદ્ધ ગુનાહિત ષડયંત્ર તથા કિંમતી દસ્તાવેજોની બનાવટનો કેસ બને છે. **આ કેસ સરકાર સાથે થયેલી 100 કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડીનો છે, જેમાં ઊંડું ષડયંત્ર રચાયેલું છે. ડેપ્યુટી કલેક્ટર સમક્ષ કોઈ કાર્યવાહી થઈ ન હોવા છતાં અને કોઈ**

**મામલતદાર કે નાયબ મામલતદારની હાજરી વિના સીધી જ જમીનો ખાનગી વ્યક્તિઓના નામે ચડાવી દેવામાં આવી હતી. ધરપકડ કરાયેલા બે પટાવાળાઓએ પોલીસ સમક્ષ કબૂલાત કરી છે કે બોગસ હુકમો પરના સિક્કા મામલતદાર કચેરીના અસલ સિક્કા છે, પરંતુ હુકમો બનાવટી છે. સરકાર સાથેની 100 કરોડથી વધુની છેતરપિંડીના આવા ગંભીર કેસમાં રેગ્યુલર જામીન આપી શકાય નહીં.** વળી, હાલના અરજદાર તથા અન્ય સહઆરોપીઓ આ કામના મુખ્ય આરોપી રમેશભાઇ બબાભાઈ કોળીના મીત્ર તથ સગા સબંધી થતા હોવાથી આ કામના આરોપીઓએ પોતાની વારસાઈ જમીન જે ખરેખર શ્રી સરકાર એટલે કે ડુબમાં ગયેલ હોવાનું જાણવા છતાં મુખ્ય આરોપી સાથે મીલાપીપણું કરી જમીનમાં ખાતેદાર બની સરકારશ્રી ની જમીન પોતાના નામે કરેલ છે. હાલનો ગુનો એ માત્ર દસ્તાવેજી છેતરપિંડી નથી, પરંતુ અંદાજે ૧૦૦ કરોડ રૂપિયાથી વધુની સરકારી જમીન પચાવી પાડવાનું સુનિયોજિત કૌભાંડ છે. આર્થિક ગુનાઓ સમાજના અર્થતંત્રને ગંભીર નુકસાન પહોંચાડે છે અને આવા કિસ્સા ઓમાં વ્યક્તિગત સ્વતંત્રતા કરતા સામાજિક હિતને પ્રાધાન્ય આપવું અનિવાર્ય છે. તપાસ હજુ ચાલુ છે અને અન્ય સહ–આરોપીઓ નાસતા ફરે છે. આવા સંજોગોમાં અરજદારને મુક્ત કરવાથી તેઓ સાક્ષીઓ પર દબાણ લાવી શકે છે અથવા પડતર દસ્તાવેજી પુરાવા ઓનો નાશ કરી શકે તેવી પૂરેપૂરી શક્યતા નકારી શકાય તેમ નથી. અરજદાર વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૯, ૪૬૭ અને ૪૭૧ મુજબના ગુનાઓ છે, જેમાં આજીવન કેદ અથવા ૧૦ વર્ષ સુધીની સખત કેદની સજાની જોગવાઈ છે. વળી, અરજદારની તરફે રજૂઆત એવી છે કે હવે તપાસ પૂર્ણ થઈ ગઈ છે અને ચાર્જશીટ ફાઇલ થઈ ગઈ છે. પરંતુ, કાયદાકીય રીતે ચાર્જશીટ ફાઇલ થવી એનો અર્થ એ છે કે તપાસ કરનાર એજન્સીને અરજદાર વિરુદ્ધ પૂરતા અને સબળ પુરાવા મળી આવ્યા છે. ચાર્જશીટમાં રજૂ થયેલા

દસ્તાવેજો અને સાક્ષીઓના નિવેદનો સ્પષ્ટપણે દર્શાવે છે કે અરજદાર વિરુદ્ધ પ્રથમ દ્રષ્ટિએ કેસ અસ્તિત્વ ધરાવે છે. માત્ર ચાર્જશીટ ફાઇલ થઈ જવાથી ગુનાની ગંભીરતા ઓછી થતી નથી, બલ્કે તે આરોપીની સંડોવણીને વધુ મજબૂત કરે છે. આ કામમાં અન્ય સહ–આરોપીઓ જેવા કે બીજલભાઈ, દલાભાઈ, હમીરભાઈ અને દિનેશભાઈની જામીન અરજીઓ આ નામદાર કોર્ટે ગુણદોષ પર નામંજૂર કરી છે. **વધુમાં, સહ–આરોપીઓએ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કરેલી અરજીઓ પણ વિથડ્રો કરી છે. પરંતુ, જામીન અરજી વિથડ્રો કરવામાં આવે, ત્યારે તેનો સીધો અર્થ એ થાય છે કે નામદાર હાઈકોર્ટ અરજદારને જામીન આપવા માટે સહમત ન હતી. આ સંજોગોમાં, નીચલી અદાલતે સમાન ગુનાહિત ભૂમિકા ધરાવતા અન્ય આરોપીને જામીન આપવા એ "ન્યાયિક શિસ્ત" વિરુદ્ધ ગણાય.** જો અન્ય સહ–આરોપીઓને જામીન મળ્યા ન હોય, તો આ અરજદારને જામીન આપવા માટે કોઈ વ્યાજબી કારણ રહેતું નથી. વધુમાં તપાસ કરનાર એજન્સી દ્વારા રજૂ કરવામાં આવેલા કાગળો જોતા જણાય છે કે, સરકારી જમીનો પોતાના નામે કરવા માટે જે મોડસ ઓપરેન્ડી અપનાવવામાં આવી છે તે અત્યંત ગંભીર છે. **ખોટા રબર સ્ટેમ્પ બનાવવા, સક્ષમ અધિકારીઓની બનાવટી સહીઓ કરવી અને સરકારી દફતરે ખોટી નોંધો પડાવવી એ વહીવટી તંત્રના વિશ્વાસ પર ઘા સમાન છે.** જો આવા ગંભીર ગુનામાં સંડોવાયેલા આરોપીને માત્ર ચાર્જશીટ ફાઇલ થઈ જવાના કારણે જામીન પર મુક્ત કરવામાં આવે, તો સમાજમાં નકારાત્મક સંદેશ જાય છે અને કાયદાનો ડર ઓછો થાય છે. વળી, અરજદારે આ જમીન પર બેંકમાંથી રૂા.૧૦,૦૦,૦૦૦/– જેવી મોટી રકમનું ધિરાણ મેળવી આર્થિક લાભ પણ મેળવેલ છે, જે તેમની ગુનાહિત માનસીકતા દર્શાવે છે. આમ, ગુનાની ગંભીરતા જોતાં, અરજદારનો હાલના ગુનામાં રોલ તેમજ સજાની જોગવાઇ જોતાં, હાલના તબક્કે

અરજદારને જામીન પર મુક્ત કરવા યોગ્ય જણાતું નથી.

**<u>–::હુકમ::–</u>**

આ કામના અરજદાર **છગનભાઈ નાગજીભાઈ ધારીયાર પરમાર** ઉ.વ.:–૫૮, ધંધો:–ખેતી, રહે.ગોરી દરવાજા, હળવદ, તા.હળવદ, જી.મોરબી હાલ–સબ જેલ મોરબી વાળાની હળવદ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૮૯૦૦૧૨૫૧૦૩૩/૨૦૨૫, આઇ.પી.સી. કલમ–૪૦૯, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૨, ૧૨૦(બી) તથા ૩૪ મુજબના કામે તેમને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટેની માંગણી કરતી આ અરજી **નામંજુર** યાને **રદ્દ** કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૩ મી, માંહે:માર્ચ, સને:૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો

સ્થળ :– મોરબી
તા.૧૩/૦૩/૨૦૨૬

**(પ્રથમેશ વિનોદચંદ્ર શ્રીવાસ્તવ)**
સત્ર ન્યાયાધીશ, મોરબી.
(કોડ નં.જીજે૦૦૩૭૨)

//NDB//